# ‘જાને ભી દો, યારોં...!’

–સુરેશ દેસાઈ

તમે લગભગ ખાલી થયેલા ટુથપેસ્ટને પ્રેસ કરીને એમાં પેસ્ટનો અંશ પણ ના રહે ત્યાં સુધી વાપરો છો? શેવીંગ ક્રીમની ટ્યુબને વાળી વાળીને એનો કસ કાઢી નાખો છો? ‘બસ હજુ એક વાર’ કહીને રેઝર ઉપર ત્રાસ ગુજારો છો? અન્તને આરે આવેલા બાથ–સોપને હથેળીથી પકડી શકાય ત્યાં સુધી એનાથી નાહ્યે રાખો છો? ઘરની બહાર જતા હો ત્યારે દરેક રુમના પંખા–લાઈટ બન્ધ છે એની ખાતરી કરી લો છો? રસોઈને વધેલી જોઈને તમારી કમાન છટકે છે? ફ્રીઝમાં સડી ગયેલાં શાકભાજી અને બગડેલાં ફ્રુટને જોઈને તમે મનોમન બબડાટ કરો છો?

જો તમે આવા કરકસરના ફોબીઆથી પીડાતા હો તો ખુબ ઝડપથી ડીપ્રેશનના શીકાર બનવાના છો. તમને બ્લડપ્રેસર, ડાયાબીટીસનો વ્યાધી થવાની સંભાવના છે. રાત્રે અચાનક ઉંઘ ઉડી જશે અને ‘આ ઘરનું શું થશે ?’ એ વીચારતાં વીચારતાં સવાર થઈ જશે. તમારો સ્વભાવ આવો હોય તો તમે નવી પેઢી સાથે મીસમેચ છો, તમે ‘વૃદ્ધ’ નહીં; ‘ઘરડા’ છો.

આજની પેઢી પાંચ દીવસ ચાલે એટલી પેસ્ટ બાકી હોય ત્યારે જ ટુથપેસ્ટ અને શેવીંગ ક્રીમની પેસ્ટને ફેંકી દે છે. બાથસોપ હાડપીંજર થઈ જાય ત્યાં સુધી એનો ઉપયોગ કરવાની સલાહ એમને આપવા જેવી નથી; કારણ કે એમના બાથરુમમાં બેત્રણ બ્રાંડના બાથસોપ, ફેસવૉશ, બોડીલોશન, શેમ્પુ, હેરસ્પ્રે મોજુદ હશે. શીયાળામાંય એમના બેડરુમના પંખા ફુલસ્પીડમાં ચાલતા હશે. લાઈટ અને એ.સી. ચાલુ રાખીને એ ઘરની બહાર નીકળી જશે. કીચનમાં ડોકીયું જ ના કરવું; કારણ કે વધેલી રસોઈ જોઈને તમારું મન ગ્લાનીથી છલકાઈ જશે. સ્કુલે જતાં છોકરાંઓનાં લંચ બોક્સ જોવાની જીજ્ઞાસા દબાવી દેજો; કારણ કે લંચબોક્સમાં મુકેલા જંક ફુડને જોઈને તમને ચક્કર આવી જશે.

આ બધું જોઈને નીરાશા અનુભવવાને બદલે પોઝીટીવલી વીચારજો. ઈશ્વરનો આભાર માનજો કે તમારે પણ સન્તાનોની સ્ટાઈલમાં જ જીવવું એવી તમને કોઈ ફરજ નથી પાડતું. તમને કોઈ દબાણ નથી કરતું કે આજે તમારે પણ પાઉંભાજી, પાલક પનીર કે છોલે–ચણા જ ખાવા પડશે ! બાથસોપનો કુચો થઈ જાય ત્યાં સુધી નહીં વાપરવાનું કોઈ તમને કહે છે ? તમારે ટુથપેસ્ટની ટ્યુબ વાળીવાળીને પેસ્ટના છેલ્લા અંશ સુધી વાપરવી નહીં એવી ફરજ કોઈ પાડે છે? તમને દરેક

રુમમાં જઈને લાઈટ અને પંખાની સ્વીચ ઑફ નહીં કરવાનું કોઈ કહે છે? જો આ પ્રશ્નોનો જવાબ ના હોય તો તમે તમારી રીતે જીવો અને નવી પેઢીને એમની રીતે જીવવા દો એમાં જ તમારું શ્રેય છે. હા, ઉપદેશવા માટે જીભે ચળ જો આવે, તો તેને તો નીર્મુળ જ કરવી.

'તમે આમ કરો અને આમ નહીં કરો' એમ કહેશો તોય કોઈ તમને સાંભળવાનું નથી. ફોન અને વીજળીનાં બીલને જોવાની લાલસા ટાળજો. તમારા દીકરાદીકરી, પુત્રવધુ, પૌત્રપૌત્રીઓ પાસે કેટલા મોબાઈલ છે, એની કીમ્મત કેટલી છે, એ બધા મોબાઈલ્સનું બીલ કેટલું આવે છે એ જાણીને દુ:ખી થવાની જરુર ખરી ? તમારા આદર્શો, સીદ્ધાન્તો, મુલ્યો, નૈતીકતા, કરકસર - આ બધાં હવે આઉટ ઓફ ડેટ બની ગયાં છે. જીન્દગી હવે બુલેટ ટ્રેનના જેવી ફાસ્ટ બની ગઈ છે. ખુન, રેપ, અત્યાચાર આ બધા આજના સમાચાર આવતી કાલે વાસી બની જાય છે. સાધુ અને સન્તો સુધ્ધાં પૈસા અને પ્રસીદ્ધીના ભુખ્યા બની ગયા છે. જેને પૈસાનો મોહ નહીં હોય એને પ્રસીદ્ધીનો અને પ્રસીદ્ધીનો મોહ નહીં હોય એને પૈસાનો મોહ હશે. બદલાઈ ગયેલા જમાના સાથે તમે તાલમેલ મેળવી શકતા નહીં હો તો કંઈ નહીં; પરન્તુ બબડાટ કરવાને બદલે કે ગુસ્સો કરવાના બદલે જે બદલાયું છે કે બદલાઈ રહ્યું છે એને, મૌન ધારણ કરીને સાક્ષીભાવે જોવાનું રાખો.

તમે તમારાં મોટાં થઈ ગયેલાં સન્તાનો સાથે રહેતા હો તો તમે ખુશનસીબ છો; કારણ કે તમારાં સંતાનોમાં હજુ લાગણી જેવું કાંઈક બચ્યું છે. તમને સાથે રાખવાની ફરજ માનતાં સન્તાનો સાથે તમે રહો છો એને તમારું સદ્ભાગ્ય ગણજો; કારણ કે હવે એવો સમય આવી રહ્યો છે જ્યારે તમારાં સન્તાનો તમારી સાથે ના રહેતાં એમનું ઘર બીજે વસાવી લેશે. એમના બીજે રહેવાથી તમને શી તકલીફ પડશે, તમારી કાળજી કોણ લેશે એનો હવે સન્તાનો વીચાર નહીં કરે. આપણાં જ સન્તાનોની કોઈ બાબત અણગમતી હોય અને તમે વીરોધ કરશો તો તમને હસી કાઢવામાં આવશે અથવા તમારા મોઢા ઉપર 'માઈન્ડ યોર ઓન બીઝનેસ' કહી દેવામાં આવશે.

એ જમાનો ભુલી જવો જ્યારે દીકરાની માતા ભાવી પુત્રવધુને પુછતી હતી કે રસોઈ બનાવતાં તો આવડે છે ને ? પુત્રવધુ રસોઈ બનાવતી હોય એને હવે જુનવાણી ગણી લેવામાં આવે છે. છોકરી બી.ઈ. થઈ છે, એમ.બી.એ.થઈ છે, ડૉક્ટર થઈ છે તે રસોઈ કરવા માટે ? તમારો દીકરો જીવનસાથીની પસન્દગી માટે કોઈ છોકરી સાથે સમ્વાદ કરતો હોય ત્યારે 'તને રસોઈ કરતાં આવડે છે?' એવું હરગીઝ પુછવાનો નથી. એ કહેશે 'રસોઈ બનાવવી ઈમ્પોર્ટન્ટ નથી, એ કેટલી ઈન્ટેલીજન્ટ છે, એના ટેસ્ટ કેવા છે, એ કેટલી મૉડર્ન છે એ ઈમ્પોર્ટન્ટ છે'. એકબીજાના

વીચારો સરખા છે, ટેસ્ટ સરખા છે, જીવન પ્રત્યેનો અભીગમ સરખો છે એની ચોક્સાઈ કરીને લગ્ન કર્યાં હોય પછી પણ દીકરો, દીકરી કે પુત્રવધુ, 'મને આની સાથે નહીં ફાવે' કહીને ડાયવોર્સ લઈ લે તો આશ્ચર્ય થવું કે આઘાત લાગવો ના જોઈએ. આવું તો હવે બનતું રહેવાનું છે, મારા ભઈ!

હવે આપણે આપણી ચીન્તા રાખવી જોઈશે. તમારો પર્યાપ્ત રકમનો મેડીક્લેમ ઈન્સ્યોરન્સ છે? તમારી બચત પુરતી થઈ રહે એટલી છે ને? સમય પસાર કરવા માટે બેત્રણ મીત્રો ખરા કે? સીનેમા, નાટક જોવાનો કે પુસ્તકો વાંચવાનો શોખ નહીં હોય તો કેળવવો પડશે. હેલ્થની કાળજી તમારે જાતે જ રાખવી પડશે. તીખું તમતમતું, તળેલું ખાવાનો શોખ હોય તો એની મર્યાદા નક્કી કરવી પડશે. બીમાર પડવું એ ખુદને અને નવી પેઢી, બન્નેને પોષાય એમ નથી. ઘરમાં કોઈ ઘરડું બીમાર હોય તો એની સંભાળ લેવા માટે કોઈની પાસે હવે સમય નથી. એમના બીઝનેસમાં, એમના રસના વીષયોમાં, એમના સમ્બન્ધોમાં એ એટલા વ્યસ્ત છે કે એમના માટે આખો દીવસ તમારી પાસે બેસી રહેવાનું, હૉસ્પીટલમાં તમારી સાથે રહેવાનું શક્ય નહીં હોય.

દીકરો નાનો હતો, કમાતો નહોતો ત્યારે તમે એને 'પૉકેટ મની' આપતા હતા. હવે એણે તમને પૉકેટ મની આપવા જોઈએ, પરદેશની ટુરે જવા તમારે માટે દીકરાએ પૈસા ભરી દેવા જોઈએ. દર છ મહીને તમારું મેડીકલ ચેક અપ કરાવી લેવાની કાળજી અને વ્યવસ્થા એણે કરવી જોઈએ, કોઈ ખાસ વાત હોય તો એ વાત એણે તમારી સાથે 'શેર' કરવી જોઈએ... આવી બધી અપેક્ષાઓ તમે રાખો એ સ્વાભાવીક છે; પરન્તુ આવી અપેક્ષાઓ રાખીને, એ અપેક્ષાઓ અધુરી જ રહેવાની હોય તો દુ:ખી શા માટે થવું? બુદ્ધે નહોતું કહ્યું કે 'અપેક્ષાઓ જ સઘળાં દુ:ખોનું મુળ છે'? તમને પેન્શન મળતું હોય, વ્યાજની સારી આવક હોય તો માર્કેટ જઈને રોજ શાકભાજી લાવી આપજો, દીકરા કે દીકરીનો પરીવાર ટુર ઉપર જતો હોય તો વીસપચ્ચીસ હજાર રુપીયા, જરા વધારે આરામથી રહેવા અને હરવા ફરવા માટે સ–સ્નેહ આપજો... અને જો તમારી ખાસ આવક ના હોય તો 'ચાલશે અને ફાવશે'ને સીદ્ધાન્ત બનાવી દેજો.

માણસ યુવાન હોય, પ્રૌઢ હોય કે વૃદ્ધ હોય, જતું કરવાનો સ્વભાવ ઘણાં દુ:ખ, તાણ, ચીન્તામાંથી મુક્તી આપે છે. ગુસ્સો ચઢે ત્યારે ખુદને 'જવા દે, એ તો એમ જ ચાલે' કહીને હસી દેવું.. બરાબર?

–સુરેશ દેસાઈ

લેખકસમ્પર્ક :

–સુરેશ દેસાઈ : 28/B, અલકા સોસાયટી, છાપરા રોડ, નવસારી-396 445
Mobile : 98 243 75 241 eMail : sdesai_priyamitra@yahoo.com

લેખક સુરેશભાઈ દેસાઈ 22 વર્ષની ઉમ્મરે 'ગુજરાતમીત્ર' દૈનીકમાં ચર્ચાપત્રો લખતા. પછી તો સુરેશભાઈ એલ.આઈ.સી.માં ડેવલપમેન્ટ ઓફીસર બને છે. નીવૃત્તી પછી નવસારીથી 'પ્રીયમીત્ર' નામનું સાહીત્યીક સ્પર્શ ધરાવતું, સાપ્તાહીક સાત વરસથી પ્રકાશીત કરે છે. ભાઈ કેરસી દેબુ એમને માનાર્હ મદદ આપે છે.

'સાહીત્ય પરીષદ'ના આર્થીક સહયોગથી 'આગીયાનું અજવાળું (આત્મકથા)' (પ્રકાશક : લેખક પોતે; પ્રથમ આવૃત્તી : 2003; પ્રાપ્તીસ્થાન : સાહીત્ય સંકુલ, ચૌટાબજાર, સુરત–૩૯૫ ૦૦૬ ફોન : 0261- 243 1449 eMail : sahitya_sankul@yahoo.com) અને બીજું અમેરિકાનો પ્રવાસ વર્ણવતું 'અમેરિકા : સોનાની લંકા' એ એમનાં પ્રકાશનો છે. હાલ નવસારી નગરની ઘણી બધી સામાજીક પ્રવૃત્તીઓ સાથે સંકળાયેલા છે.. ..ઉત્તમ.મધુ ગજ્જર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: બારમું – અંક : 363 – December 11, 2016

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,29,86,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 68,70,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,88,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 4,41,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@